જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૦૭/૨૦૨૩   બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## વટવા જીઆઈડીસી પો.સ્ટે. વિસ્તારમાંથી ક્રેટા કાર તેમજ S.U.V. કારમાં ભરેલ વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ-૧૨૬૦ (૯૦ પેટી) કિ.રૂ.૩,૦૭,૭૪૦/- મળી કુલ્લે રુપિયા ૧૯,૧૮,૧૦૦/ ના મુદામાલ સાથે એક આરોપી ને ઝડપી પાડતી પી.સી.બી.

ઈન્ચાર્જ પોલીસ કમિશનર શ્રી પ્રેમવીર સિંહ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે આજરોજ  તા.૧૨.૦૭.૨૩ ની વહેલી સવારે પી.સી.બી. પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, આ.હે.કો.મહેંદ્રકુમાર ઉદેસિંગભાઈ બ.ન.૪૮૯, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રભાઈ મેરુભાઈ ૪૮૯૯ તથા અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી તથા આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસિંગભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે અસલાલી સર્કલથી હાથીજણ સર્કલ તરફ જતા સર્વિસ રોડ પર જાહેર રોડ ઉપર ક્રેટા કાર નંબર GJ-27-BL-5750 તેમજ S.U.V. કાર નંબર G.J-01-RA-7805 માંથી વિદેશી દારુની નાની મોટી બોટલો  નંગ-૧૨૬૦ કિ.રૂ.૩,૦૭,૭૪૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૯,૧૮,૧૦૦/- ના મુદામાલ સાથે એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી વટવા જીઆઈડીસી પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૯૨૩૦૫૦૨/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૯૮(૨), ૮૧,૮૩ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

<u>પકડાયેલ આરોપીઓ:</u> (૧) દોલતસિંહ મનોહરસિંહ સિસોદિયા રહે.ગામ-ક્પુરાવતી કા બાડા, બસ્સી, તહેસીલ- સલુમ્બર, જીલ્લો- ઉદયપુર, રાજસ્થાન

<u>વોન્ટેડ આરોપીઓ :</u> (૧) કાનજી રહે.ઉદયપુર રાજસ્થાન (૨) કાર માલીક/કબ્જેદાર- મહેન્દ્રસિધ લાલસિંધ રાઠોડ રહે.૧૧૨૮, પાંચ ભાઈના પગથિયા, ધીકાંટા રોડ, દરિયાપુર અમદાવાદ (૩) પ્રોહીનો જથ્થો પુરો પાડનાર- રાજુભાઈ રહે.ઉદયપુર, રાજસ્થાન.(૪) અજાણ્યો ઈસમ

<u>ગુનાની જગ્યા :</u> અસલાલી સર્કલથી હાથીજણ સર્કલ તરફ જતા સર્વિસ રોડ પર જાહેર રોડ ઉપર

<u>પકડાયેલ મુદામાલ :</u> (૧) વિદેશી દારુની નાની મોટી બોટલો  નંગ-૧૨૬૦ (૯૦ પેટી) કિ.રૂ.૩,૦૭,૭૪૦/- (૨) S.U.V. કાર કિ.રૂ.૭,૦૦,૦૦૦/- (૩) ક્રેટા કાર કિ.રૂ.૯.૦૦,૦૦૦/- (૪) મોબાઈલ ફ્રોન નંગ ૧ કિ.રૂ.૧૦,૦૦૦/- (૫) રોકડા નાણા ૩૬૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે  રુપિયા ૧૯,૧૮,૧૦૦/ ની મત્તાનો મુદામાલ

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૯૧ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૪૫/૨૦૨૩

**બાપુનગરઃ** નયનભાઇ સ/ઓ દશરથભાઇ પટેલ (ઉ.વ.૩૮) (રહે. અભિલાષા રેસીડેન્સી, ડી-માર્ટની બાજુમાં નિકોલ) એ તા.૧૧/૦૭/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમરતભાઇ માલજીભાઇ રબારી (૨) રાજુભાઇ વિરમભાઇ રબારી અને (૩) વાઘા વિરામભાઇ રબારી (ત્રણેય રહે. પોસ્ટ-દેવકરણના મુવાડા તા.દેહગામ જી. ગાંધીનગર) તથા (૪) ગફુરભાઇ રબારી તેમજ (૫) દિનેશ રબારી (બન્ને રહે. ગામ-મોચીયાની મુવાડી બારી બારીયા દહેગામ જી.ગાંધીનગર) એ ભેગા મળી બાપુનગર શાયોના ડેરી પાર્લર તથા ઓઢવ શેડ નં.૨૨૬ અભિશ્રી એસ્ટેટ વેપાર મહામંડળ પાછળ ઓઢવ ખાતે પટેલ મિલ્ક પ્રોડકટ ખાતે દુધનો વેપાર ધંધો શરૂ કરેલ જે ધંધામાં ડીપોઝીટ પેટે નયનભાઇ પટેલ એ ૫૦,૦૦,૦૦૦/- આપવાનુ નક્કી થયેલ જેમાં પ્રથમ રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- બાપુનગર શાયોના ડેરી ખાતે આપેલ તેમજ દસ-દસ લાખ રૂપિયા નયનભાઇ પટેલના ભાઇ/સાહેદ મેહુલભાઇ નાઓએ તેમની ઓફિસ ઓઢવ વેપારી મહામંડળ ખાતે આપેલ છે, જે નાણાં પરત મળી જશે જે બાબતે વિશ્વાસ ભરોસો આપી નયનભાઇ પટેલ ને સિકયુરીટી પેટે બેંક ઓફ બરોડા કપડવંજ ખેડા ખાતેના ચેક આપેલા જે ચેક ખાતામાં નાખતા ચેક રીટર્ન થયેલ બાદ નયનભાઇ પટેલ એ નક્કી કર્યા મુજબ દુધ ન આપી તેમજ લીધેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.પ્રજાપતી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૬/૨૦૨૩</u>**

**"એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ગૌરીબહેન વા/ઓ ભગવાનભાઈ મકવાણા (ઉ.વ.૬૦) (રહે. મધુવન સોસાયટી આનંદ આશ્રમ પાછળ ધોળકા રોડ ફતેવાડી સરખેજ) તા.૧૧/૦૭/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે સરખેજ થી જુહાપુરા તરફ જતા સીટી પ્લસ સિનેમા સામેથી રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે ધોળકા સર્કલ તરફથી એક અજાણ્યા ઓટોરીક્ષાના ચાલકે ઓટોરીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગૌરીબહેન મકવાણાને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૩/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મૃત્યું પામનાર ગૌરીબહેન મકવાણાના પતિ ભગવાનભાઈ મકવાણાએ "એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૭/૨૦૨૩</u>**

**કાલુપુરઃ** મનીષભાઇ સંતોષભાઇ સાસમલ (ઉ.વ.૪૬)(રહે. આકૃતિ ફ્લેટ ન્યુ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૩ કલાક ૧૦/૨૦ વાગ્યાના સુમારે ઘી કાંટા સહજાનંદ માર્કેટ દુકાન નંબર-૪૮૩ ખાતે પંખાનાં હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**અમરાઇવાડીઃ** પ્રિતીબહેન ડો/ઓ પારસભાઇ જયશ્વાલ (ઉ.વ.૧૬) (રહે.શિવાનંદનગર બાલા હનુમાનની બાજુમાં રાધાકૃષ્ણાનગર સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુંકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ખુમાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી